### બસમાં બાજુમાં બેઠેલા શખ્સે પોતાને ડૉક્ટર હોવાનુ કહી નાળી તપાસ્યા બાદ બે ગોળી ખવડાવી

# વડોદરાથી ડભોઈ જતી બસમાં વૃદ્ધ વેપારીને નશીલી ગોળી ખવડાવી બેભાન કર્યા બાદ રૂ.૧.૧૦ લાખની લૂંટ

**બેભાન થતા રોકડ, સોનાની વીંટી અને ચેઈન લઈને ગઠિયો રખુ ચક્કર**

(પ્રતિનિધિ) વડોદરા, તા.230

મુંબઈના 75 વર્ષીય સ્ટીલ વાસણોના વેપારીને વડોદરાથી ડભોઈ જતી બસમાં અજાણ્યા શખ્સે પોતાને ડૉક્ટર તરીકે ઓળખાવી વિશ્વાસમાં લઈ નશીલી ગોળીઓ ખવડાવી બેભાન કરી દીધા બાદ તેમની પાસે રહેલી રૂ.1.10 લાખની મતા ચોરી કરી ફરાર થઈ ગયો હતો. બોરીવલી રેલવે પોલીસે નોંધેલી ઝીરો FIR હવે સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં ટ્રાન્સફર કરવામાં આવી છે અને સમગ્ર મામલે વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

મુંબઈના બોરીવલી પશ્ચિમમાં રહેતા રમેશચંદ્ર નેમચંદ શાહે (ઉં.75), નોધાવેલી ફરિયાદ મુજબ તેઓ સ્ટીલના વાસણોના સપ્લાયર તરીકે વ્યવસાય કરે છે અને ધંધાના કામે ગુજરાત આવ્યા હતા.

દાહોદ, ગોધરા, મહુવા અને વિસનગરમાં કામ પૂર્ણ કર્યા બાદ તેઓ 9 જુલાઈના રોજ સવારે અમદાવાદથી ગુજરાત એક્સપ્રેસ મારફતે વડોદરા પહોંચ્યા હતા. ત્યારબાદ સવારે લગભગ 9:30 વાગ્યે વડોદરાના મુખ્ય બસ ડેપોથી ડભોઈ જતી બસમાં બેઠા હતા. મુસાફરી દરમિયાન તેમની બાજુમાં બેઠેલા અજાણ્યા શખ્સે પોતાને મથુરાનો ડૉક્ટર તથા ફાર્મસી સંચાલક હોવાનું જણાવી તેમની સાથે મીઠી વાતચીત શરૂ કરી હતી. બાદમાં તેણે રમેશચંદ્ર શાહની નાડી તપાસી એક લાલ અને એક સફેદ એમ બે ગોળીઓ આપી, જે પોતે પણ નિયમિત લેતો હોવાનું કહી તેમની સામે જ ગોળીઓ ગળી બતાવી હતી. વિશ્વાસમાં આવી રમેશચંદ્ર શાહે પણ ગોળીઓ લઈ લીધી હતી. થોડા જ સમયમાં તેમને ઊંઘ આવવા લાગી અને ત્યારબાદ તેઓ બેભાન થઈ ગયા હતા. ભાન આવ્યા બાદ તેઓ કેવી રીતે મુંબઈ પહોંચ્યા તેની કોઈ યાદ ન હોવાનું ફરિયાદમાં જણાવ્યું છે. પરિવારજનોના જણાવ્યા મુજબ તેઓ બેભાન હાલતમાં ઓટો મારફતે ઘરે પહોંચ્યા હતા, જ્યાંથી તેમને તાત્કાલિક બોરીવલીની બાલાજી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. સારવાર બાદ તબિયત સુધરતા તેમણે બોરીવલી રેલવે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આરોપીએ તેમની પાસેથી આશરે રૂ.1.10 લાખની મતાની ચોરી કરી હતી. જેમાં કપડાં અને દવાઓ ભરેલી બેગ, રૂ.50 હજારની રોકડ, અંદાજે 7 ગ્રામ વજનની પુખરાજ જડિત સોનાની વીંટી તથા લગભગ 14 ગ્રામ વજનની બદામ આકારના પેન્ડન્ટવાળી સોનાની ચેઈન હતી. બોરીવલી રેલવે પોલીસે ઝીરો નંબરથી એફઆઈઆર નોંધ્યા બાદ કેસ સયાજીગંજ પોલીસને મોકલી આપ્યો છે. પોલીસે વેપારીનો સંપર્ક કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

## મેન્ટેનન્સને કારણે પાવાગઢ રોપ-વે સેવા પાંચ દિવસ બંધ રહેશે



હાલોલ : આગામી 3થી 7 ઓગસ્ટ સુધી રોપ વે સેવા બંધ રહેશે 8 ઓગસ્ટથી રાબેતા મુજબ સેવા ફરી શરૂ થશે પંચમહાલ જિલ્લાના વિશ્વવિખ્યાત યાત્રાધામ પાવાગઢ ખાતે ચાલતી રોપ-વે સેવા આગામી પાંચ દિવસ માટે બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રોપ-વેનું સંચાલન કરતી ઉષા બ્રેકો કંપની દ્વારા નિયમિત મેન્ટેનન્સ અને તકનીકી કામગીરી હાથ ધરવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.. ફક્ત રોપ -વે સેવા મેન્ટેનન્સ માટે બંધ છે શ્રી કાલિકા માતાજી મંદિર પાવાગઢ માઈ ભક્તો માટે દર્શનાર્થે ખુલ્લું છે

### પત્નીની તબિયત ખરાબ હોવાથી દંપતી સસરાના ઘરે રોકાયું હતુ

# તરસાલીમાં આઈટી ઓફિસરના ઘરમાંથી રૂ.૧.૯૩ લાખના દાગીના અને રોકડની

**પોલીસે સીસીટીવી ફૂટેજ સહિતના પુરાવાઓના આધારે અજાણ્યા તસ્કરોની શોધખોળ શરૂ કરી**

(પ્રતિનિધિ) વડોદરા, તા.230

વડોદરા શહેરના તરસાલી વિસ્તારમાં આવેલા આનંદબાગ સોસાયટીમાં આઈટી ઓફિસરના બંધ મકાનને નિશાન બનાવી અજાણ્યા તસ્કરોએ રૂ.1.93 લાખના સોના-ચાંદીના દાગીના અને રોકડની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. પત્નીની તબિયત સારી ન હોવાથી દંપતી સાસરીમાં રોકાયો ત્યારે તેમના બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યા હતા. તરસાલી વિસ્તારમાં આવેલી આનંદબાગ સોસાયટીમાં રહેતા અને ખાનગી કંપનીમાં આઈટી ઓફિસર તરીકે નોકરી કરતા રાહુલસિંહ વિક્રમસિંહ રાજપૂતે નોધાવેલી ફરિયાદ મુજબ,

28 જુલાઈની રાત્રે પત્ની જાનકીબેનની તબિયત નાદુરસ્ત હોવાથી બંને સસરાના ઘરે રોકાયા હતા. બીજા દિવસે સવારે આશરે 7 વાગ્યે ઘરે પરત ફરતા મુખ્ય દરવાજાનું તાળું તૂટેલું અને દરવાજો ખુલ્લો જોવા મળ્યો હતો. ઘરની અંદર તપાસ કરતાં બેઠકરૂમમાં સામાન વેરવિખેર હાલતમાં હતો. ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી લોખંડની તિજોરી તથા તેના ડ્રોઅરના લોક તોડવામાં આવ્યા હતા. પ્રથમ માળે આવેલી બીજી તિજોરી પણ ખોલી તપાસવામાં આવી હતી, જોકે તેમાંથી કોઈ માલસામાનની ચોરી થઈ નહોતી. તિજોરીમાંથી 37 ગ્રામ સોનાના દાગીના, 150 ગ્રામ ચાંદીના દાગીના અને રૂ.15 હજારની રોકડ મળી રૂ.1.93 લાખની મત્તાની ચોરી થઈ હોવાનું બહાર આવ્યું હતું. બનાવની જાણ થતાં પોલીસ સ્થળ પર પહોંચી હતી અને સીસીટીવી ફૂટેજ સહિતના પુરાવાઓના આધારે અજાણ્યા તસ્કરોની શોધખોળ શરૂ કરી છે.

### ૪૦થી વધુ સ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થીઓ જોડાયા

# સયાજીબાગ ઝૂ ખાતે MSUના ઝૂઓલોજી વિભાગના વિદ્યાર્થીઓએ ઉજવ્યો આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ

**વાઘ સંરક્ષણ પર જાગૃતતા વ્યાખ્યાન અને રિસ્ટ્રિક્ટેડ એન્ક્લોઝરની મુલાકાત**



(પ્રતિનિધિ) વડોદરા, તા.30

આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ નિમિત્તે વડોદરાના સર સયાજીબાગ ઝૂ ખાતે ઉત્સાહભેર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તા.30 જુલાઈના રોજ યોજાયેલા આ કાર્યક્રમમાં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના ઝૂઓલોજી વિભાગના લગભગ 80 સ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત ઝૂના ક્યુરેટરના જાગૃતતા વ્યાખ્યાનથી થઈ હતી. ડો.પ્રત્યુષ પાટણકર એમએસયુના ઝૂઓલોજી વિભાગના ભૂતપૂર્વ વિદ્યાર્થી પણ છે. તેમણે વાઘ સંરક્ષણનું મહત્વ અને વન્યજીવોના રક્ષણમાં ઝૂઓની ભૂમિકા વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. ત્યારબાદ વિદ્યાર્થીઓને ઝૂના રિસ્ટ્રિક્ટેડ એન્ક્લોઝરની ખાસ મુલાકાત કરાવવામાં આવી હતી. આ મુલાકાતનો હેતુ વિદ્યાર્થીઓને એક્સ-સીટુ સંરક્ષણ એટલે કે કેદમાં વન્ય પ્રાણીઓના વૈજ્ઞાનિક સંચાલનનો ખ્યાલ આપવાનો હતો. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ ઝૂના અધિકારીઓ અને પશુચિકિત્સકો સાથે પણ સંવાદ કર્યો હતો. જેમાં પ્રાણીઓની સંભાળ, આરોગ્ય વ્યવસ્થાપન અને સંરક્ષણની પદ્ધતિઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. વરિષ્ઠ વિદ્યાર્થીઓએ ઝૂ ખાતે ઈન્ટર્નશિપ, ડિસર્ટેશન અને ઓન-જોબ ટ્રેનિંગની શક્યતાઓ અંગે પણ માહિતી મેળવી હતી. આ હેતુ માટે એમએસયુના ઝૂઓલોજી વિભાગ અને બરોડા ઝૂ વચ્ચે પહેલેથી જ એમઓયુ થયેલ છે. જેનો ઉદ્દેશ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ નેપ 2020ની ભાવનાને સાચા અર્થમાં આગળ વધારવાનો છે. આ ઉજવણીથી વાઘ સંરક્ષણ અંગે જાગૃતતા વધી હોવાની સાથે એમએસયુ અને સર સયાજીબાગ ઝૂ વચ્ચેનો શૈક્ષણિક સહયોગ પણ વધુ મજબૂત બન્યો છે.

### ઓ.પી. રોડ વિસ્તારની સોસાયટીના મહાદેવ મંદિરમાં દક્ષિણાના મુદ્દે વિવાદ

# મંદિરની દક્ષિણા કેમ ઘરે લઈ જાવ છો તેમ કહી સોસાયટીના રહીશોનો પૂજારી પર હુમલો

**પુત્રને છોડાવવા પડેલી માતા મેં પણ ધક્કે ચડાવ્યા હોવાનો આક્ષેપ**

(પ્રતિનિધિ) વડોદરા, તા.30

વડોદરા શહેરના ઓ.પી. રોડ સ્થિત દેવદીપનગર સોસાયટીમાં આવેલા દેવદીપેશ્વર મહાદેવ મંદિરમાં દક્ષિણાના પૈસાના મુદ્દે થયેલો વિવાદ ઉગ્ર બનતા મંદિરના પૂજારી અને તેમની માતા પર હુમલો કરાયો હતો. ઘટનાને લઈને પુજારીએ સોસાયટીના ત્રણ લોકો સામે પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

તુલસીધામ રોડ પર પંડિત દીનદયાલ ઉપાધ્યાય નગરમાં રહેતા અને છેલ્લા ચાર વર્ષથી દેવદીપેશ્વર મહાદેવ મંદિરમાં સેવાપૂજા કરતા મિતેષગીરી દીપકગીરી ગોસ્વામીને બપોરે દેવદીપનગર સોસાયટીના રહેવાસી ધવલ પટેલનો ફોન આવ્યો હતો. ફોનમાં મંદિરની દક્ષિણામાં આવેલા રૂ. 500 લેવા બાબતે બોલાચાલી કરવા લાગ્યો હતો. સાંજે આરતી માટે મિતેષગીરી તેમની માતા પ્રતીમાબેન સાથે મંદિરે પહોંચ્યા ત્યારે મંદિર પાસે બેઠેલા યોગેશભાઈ પટેલે દક્ષિણાના પૈસા ઘરે લઈ જવાના મુદ્દે બોલાચાલી શરૂ કરી હતી. ત્યારબાદ યોગેશભાઈએ ગાળો આપી મારામારી કરવા લાગ્યો હતો. દરમિયાન ધવલ પટેલ અને કુણાલ ઉર્ફે કીનાભાઈ પટેલ પણ ત્યાં આવી પહોંચ્યા હતા. કુણાલે પુજારી હાથ પકડી રાખ્યો હતો જ્યારે ધવલ પટેલે વાળ પકડી ગાલ ફટકાર્યો હતો તેમજ કપડાં ફાડી નાખ્યા હતા.

સમગ્ર મામલે પોલીસે તપાસ હાથ ધરી છે.

### મહેસૂલ વિભાગનો મોટો નિર્ણય

# વર્ગ-૩ના કર્મચારીઓની જિલ્લા આંતરિક બદલીની સત્તા હવે કલેક્ટરોને સોંપાઈ

**સરકારના આ દીર્ઘદ્રષ્ટિવાળા પગલાથી સરકારી કામગીરી વધુ સુચારુ બનશે**

**અગાઉ વહીવટી કે તાકીદની જરૂરિયાત માટે લાંબી પ્રક્રિયામાંથી પસાર થવું પડતું હતું**

(પ્રતિનિધિ) વડોદરા, તા.30

રાજ્યના નાગરિકોને વધુ સરળ, પારદર્શક અને ઝડપી સેવાઓ પૂરી પાડવા માટે રાજ્ય સરકાર દ્વારા વધુ એક મહત્ત્વપૂર્ણ અને લોકહિતવાળો નિર્ણય લેવામાં આવ્યો છે. મહેસૂલ વિભાગ હસ્તક આવતી તમામ જિલ્લા અને તાલુકા કચેરીઓમાં કાર્યરત વર્ગ-૩ના કર્મચારીઓની જિલ્લા આંતરિક બદલી કરવાની સત્તા હવે સંબંધિત જિલ્લા કલેક્ટરઓને સોંપવામાં આવી છે. સરકારના આ નિર્ણયથી વહીવટી પ્રક્રિયા વધુ વેગવાન બનશે. નવા નિર્ણય અનુસાર, હવે જિલ્લા કલેક્ટરઓ મહેસૂલ વિભાગના અન્ય ખાતાના વડાઓની જિલ્લા તથા તાલુકા કચેરીઓમાં ફરજ બજાતા વર્ગ-૩ ના કર્મચારીઓની જિલ્લા પૂરતી બદલીઓ કરી શકશે. જેમાં મુખ્યત્વે સબ રજીસ્ટ્રાર ગ્રેડ-૧ અને ગ્રેડ-૨, સિનિયર સર્વેયર અને સર્વેયર અને વિવિધ કેડરના કારકૂન તથા અન્ય સમકક્ષ કર્મચારીઓનો સમાવેશ થાય છે.

હવે અનિવાર્ય સંજોગો કે તાકીદની વહીવટી જરૂરિયાત ઉભી થાય ત્યારે સ્થાનિક સ્તરે જ તુરંત બદલીઓ કરી શકાશે, જેથી કામગીરી અટવાશે નહીં. જે તે ખાતાના વડાઓની બદલી અંગેની મૂળ સત્તા યથાવત રાખવામાં આવી છે. આ બદલીઓ માત્ર જે તે ખાતાના વડાના મહેકમ પૂરતી જ સીમિત રહેશે. કલેક્ટરઓ દ્વારા કોઈપણ કર્મચારીની બદલી કરવામાં આવે તે પૂર્વે સંબંધિત જિલ્લા કક્ષાના વિભાગીય અધિકારી સાથે જરૂરી સંકલન કરવું ફરજિયાત રહેશે. અગાઉ વહીવટી કે તાકીદની જરૂરિયાત માટે લાંબી પ્રક્રિયામાંથી પસાર થવું પડતું હતું, પરંતુ હવે કલેક્ટર કક્ષાએથી જ આ સત્તાનો ઉપયોગ થવાથી જિલ્લામાં ખાલી પડતી જગ્યાઓ કે વહીવટી જરૂરિયાતો મુજબ ત્વરિત ગોઠવણ થઈ શકશે. સરકારના આ દીર્ઘદ્રષ્ટિવાળા પગલાથી સરકારી કામગીરી વધુ સુચારુ બનશે અને જનહિતના કાર્યોમાં વધુ ઝડપ આવશે તેવું સ્પષ્ટપણે માનવામાં આવી રહ્યું છે.

### ગુજરાતમાં આગામી ત્રણ દિવસ ભારે વરસાદની આગાહી

# રેડ એલર્ટને લઈ સ્વર્ણિમ ગુ.સ્પોર્ટ્સ યુનિવર્સિટીની PhD પ્રવેશ પરીક્ષા રદ

(પ્રતિનિધિ) વડોદરા,તા.30

વડોદરા જિલ્લામાં ભારતીય હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી અતિભારે વરસાદ અને તેજ પવન ફુંકાવાની આગાહીને ધ્યાનમાં રાખીને એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી દ્વારા તેની પ્રવેશ પરીક્ષા મુલતવી રાખવામાં આવી છે. વડોદરા જિલ્લામાં જાહેર કરવામાં આવેલા રેડ એલર્ટ અને તકેદારીના ભાગરૂપે શૈક્ષણિક કાર્ય બંધ રાખવાના આદેશ બાદ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી દ્વારા તેની પ્રવેશ પરીક્ષા મુલતવી રાખવામાં આવી છે. યુનિવર્સિટીના રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેલ દ્વારા તારીખ 31 જુલાઈ 2026 ના રોજ પીએચ.ડી. પ્રવેશ પરીક્ષા આયોજિત કરવામાં આવી હતી. પરંતુ વડોદરા અને આસપાસના વિસ્તારોમાં ખરાબ હવામાન, અતિભારે વરસાદ તથા પૂરની સ્થિતિને ધ્યાનમાં રાખીને ઉમેદવારોની સુરક્ષા માટે આ પરીક્ષા રદ કરવાનો નિર્ણય લેવાયો છે.

નવી તારીખ અને સમય અંગે યુનિવર્સિટી પરિપત્ર સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી કચેરી દ્વારા સત્તાવાર માહિતી આપતાં જણાવાયું છે કે, રદ કરવામાં આવેલી પીએચ. ડી. પ્રવેશ પરીક્ષાની નવી તારીખ અને સમય અંગેની તમામ વિગતો અને સૂચનાઓ યુનિવર્સિટી દ્વારા અલગથી પોતાની સત્તાવાર વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે. યુનિવર્સિટી તંત્રે તમામ પીએચ.ડી. ઉમેદવારોને અફવાઓથી દૂર રહેવા અને અદ્યતન માહિતી માટે યુનિવર્સિટીની અધિકૃત વેબસાઈટની સતત મુલાકાત લેવા અપીલ કરી છે.

## ફતેગંજ પોલીસે નવાયાર્ડમાંથી ગાંજા સાથે કેરીયર ઝડપાયો

વડોદરા : વડોદરા શહેરને નશામુક્ત બનાવવા ચાલી રહેલા 'ક્લિન વડોદરા' અભિયાન હેઠળ ફતેહગંજ પોલીસે નવાયાર્ડ વિસ્તારમાંથી ગાંજાનું વેચાણ કરતા એક શખ્સને ઝડપી પાડ્યો છે. પોલીસે તેની પાસેથી ગાંજો, મોબાઈલ ફોન અને રોકડ મળી રૂ. ૬ હજારનો મુદ્દામાલ કબજે કરી એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે. ફતેહગંજ પોલીસની સર્વેલન્સ ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે નવાયાર્ડના આલાહજરત ચોક પાસે એક શખ્સ પોલીસને જોઈ શંકાસ્પદ રીતે છુપાવાનો પ્રયાસ કરતો જોવા મળ્યો હતો. તપાસ દરમિયાન તેની પાસેથી ૧૦.૦૩ ગ્રામ ગાંજો મળી આવ્યો હતો. ઝડપાયેલા આરોપીની ઓળખ શાનેમોહમદ નબઝુલખાન પઠાણ (રહે. રોશનનગર, નવાયાર્ડ) તરીકે થઈ છે, જ્યારે ગોરવાના મુનાવર નામના શખ્સને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો છે.

## સિંગવડના આરોડા ગામમાં ૧૦ દિવસથી ડીપી બંધ: ૭૦ ઘરો અંધારામાં

સિંગવડ : સિંગવડ તાલુકાના આરોડા ગ્રામ પંચાયત*માં *હનુમાન મંદિર નજીક આવેલી ડીપી છેલ્લા 10 દિવસથી બંધ હાલતમાં છે. જેના કારણે ગામના એક ફળિયાના 70 ઘરોને વીજળી વગર રહેવાનો વારો આવ્યો છે.વારંવાર રજૂઆત છતાં કોઈ કાર્યવાહી નહીં ગ્રામજનો અને સરપંચ દ્વારા આ બાબતે મધ્ય ગુજરાત વીજ કંપની MGVCL ને વારંવાર રજૂઆત કરવામાં આવી છે.

## વડોદરા જિલ્લામાં તા.૦૧થી ૦૮ ઓગસ્ટ દરમિયાન "નારી વંદન સપ્તાહ" ઉજવાશે

વડોદરા : મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત સરકારના માર્ગદર્શન હેઠળ વડોદરા જિલ્લા મહિલા અને બાળ અધિકારી કચેરી દ્વારા આગામી તા.૦૧ થી ૦૮ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન સમગ્ર જિલ્લામાં "નારી વંદન સપ્તાહ"ની ઉજવણી કરવામાં આવનાર છે. આ સપ્તાહ દરમિયાન મહિલા સશક્તિકરણ, મહિલા સુરક્ષા, સ્વાસ્થ્ય જાગૃતિ, શિક્ષણ, આત્મનિર્ભરતા, સરકારી કલ્યાણકારી યોજનાઓની માહિતી, બેટી બચાવો બેટી ભણાવો અભિયાન, મિશન શક્તિ તથા મહિલા અધિકારો અંગે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લાના તમામ તાલુકા, નગરપાલિકા તથા મહાનગરપાલિકા વિસ્તારમાં મહિલાઓ અને કિશોરીઓ માટે જાગૃતિ કાર્યક્રમો, સંવાદ સત્રો, આરોગ્ય ચકાસણી, કાનૂની માર્ગદર્શન, સાંસ્કૃતિક કાર્યક્રમો, પ્રેરણાદાયી મહિલાઓનું સન્માન તથા વૃક્ષારોપણ જેવા વિવિધ કાર્યક્રમો યોજાશે.

## સુખસર તાલુકામાં વરસાદના અભાવે ડાંગરની ખેતીને ફટકો

સુખસર : સુખસર તથા ફતેપુરા તાલુકામાં ગત વર્ષોની સરખામણીએ ચાલુ વર્ષે પંદરેક દિવસ બાદ ચોમાસાનું આગમન થતાં સામાન્ય વરસાદથી ખેડૂતોએ ખેતીમાં ડાંગર સિવાયના બિયારણો વાવેતર કરવા મજબૂર બન્યા હતા.જ્યારે ડાંગરની વાવણી માટે પૂરતા વરસાદની રાહ જોતા ખેડૂતો આજ દિન સુધી વરસાદની રાહ જોઈ રહ્યા છે.

---

## આધાર હાઉસીંગ ફાઈનાન્સ લિમિટેડ

Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસઃ ઓફિસ નં. ૫૦૧ અને ૫૦૩, ૫મો માળ, લાઇટબ્રિજ, સાકી વિહાર રોડ, અંધેરી ઇસ્ટ, મુંબઈ સબર્બન (જિલ્લો) મહારાષ્ટ્ર - ૪૦૦૦૭૨
ગોધરા શાખાઃ શોપ નં. ૩, ૧લો માળ, શ્રી સ્વામિનારાયણ એવ્યુ, બમરોલી રોડ, ગોધરા, પંચમહાલ, ગુજરાત - ૩૮૯૦૦૧

**પરિશિષ્ટ IV - કબ્જા નોટિસ (સ્થાવર મિલકત માટે)**

જેમાં, સિક્યોરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ આધાર હાઉસીંગ ફાઇનાન્સ લિમિટેડ (AHFL)ના અધીકૃત અધિકારી તરીકે નીચે સહી કરનારે અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના નિયમ ૩ સાથે વાંચતા કલમ ૧૩(૧૨) હેઠળ મળેલ સત્તાઓની રૂએ કંપનીના અધીકૃત અધિકારી દ્વારા નીચે દર્શાવેલ દેવાદાર(રો) / જામીનદાર(રો)ને સદર નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર નોટિસમાં જણાવેલ રકમ ભરપાઈ કરવા માટે માંગણી નોટિસ(ઓ) ઇશ્યુ કરવામાં આવી હતી. દેવાદાર રકમ ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી દેવાદાર(રો) / જામીનદાર(રો) અને જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનારે સદર કાયદાની કલમ ૧૩ની ઉપ-કલમ (૪) સાથે વાંચતા સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૮ હેઠળ તેમને મળેલી સત્તાની રૂએ નીચે વર્ણવેલ મિલકતનો કબ્જો લીધો છે. સિક્યોર્ડ એસેટ્સ (મિલકત)ને છોડાવવા માટે ઉપલબ્ધ સમય સંદર્ભે કાયદાની કલમ ૧૩ની ઉપ-કલમ (૮)ની જોગવાઈઓ તરફ દેવાદારનું ધ્યાન દોરવામાં આવે છે. ખાસ કરીને દેવાદાર અને જાહેર જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આ મિલકત સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર નીચે જણાવેલ રકમ અને તેના પરના વ્યાજ માટે AHFLના બોજાને આધીન રહેશે.

| અ. નં. | દેવાદાર(રો)/સહ-દેવાદાર(રો) ના નામ (શાખાનું નામ) | સિક્યોર્ડ એસેટનું વર્ણન (સ્થાવર મિલકત) | માંગણી નોટિસ તારીખ અને રકમ | કબ્જાની તારીખ |
|---|---|---|---|---|
| 1 | (લોન કોડ નં. ૧૭૬૦૦૦૦૦૨૦૫ / ગોધરા શાખા) શબ્બીર ચકાડા (દેવાદાર) ફારુક ચકાડા અને મદીના શબ્બીર છાકડા (સહ-દેવાદારો) | મિલકતનો તમામ ભાગ અને પાસલ ધરાવતી, આર એસ નં ૪૦૮/૧ હિલ પાર્ક સોસાયટી પ્લોટ નં ૨૪ હિલ પાર્ક સોસાયટી ટી વી સ્ટેશન રોડ પાછળ દયાલ કાકરા રોડ ગોધરા વડોદરા રોડ, ગોધરા, પંચમહાલ, ગુજરાત, ૩૮૯૦૦૧. ચતુર્સીમાઃ પૂર્વઃ ખાનગી પ્લોટ નં. ૨૭, પશ્ચિમઃ ૬.૦૦ મીટર રોડ, ઉત્તરઃ ખાનગી પ્લોટ નં. ૨૩, દક્ષિણઃ ખાનગી પ્લોટ નં. ૨૫ | 09-09-2025 & ₹14,97,512/- | ૨૯-૦૭-૨૦૨૬ |

સ્થળઃ ગુજરાત
તારીખઃ ૩૧.૦૭.૨૦૨૬

અધીકૃત અધિકારી
આધાર હાઉસીંગ ફાઇનાન્સ લિમિટેડ

---

## ઓન-લાઈન ટેન્ડરીંગ
## હાલોલ નગરપાલિકા જી. પંચમહાલ
## જાહેર નિવિદા-સનેઃ 2026-27

હાલોલ નગરપાલિકા મુખ્ય અધિકારીશ્રી,હાલોલ-૩૮૯૩૫૦ જી.પંચમહાલ ફોન નં.02676-221972 દ્વારા માન્ય ઈજારદારશ્રી પાસેથી હાલોલ નગરપાલિકા આરોગ્ય વિભાગમાં સેનેટરી સાધનો તથા જંતુનાશક દવાઓ ખરીદ કરવા ભાવો મંગાવવા માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. ટેન્ડરના દસ્તાવેજો https://nagarpalika.nprocure.comમાં જોઈ શકાશે.

ઈ-ટેન્ડરીંગ અંગેનું સમય પત્રક નીચે મુજબ છે.

| | |
|---|---|
| ઓનલાઈન ટેન્ડર ભરવાની તારીખ | તા.30/07/2026 સવારે 11:00 કલાક થી તા. 06/08/2026 સમય સાંજે 18.00 કલાક સુધી |
| ટેન્ડર ફી ઓરિજિનલ ડૉક્યુમેન્ટ વિગેરે ફીઝીકલ સબમિશન આખરી તારીખ | તા.10/08/2026 સાંજે 18:00 કલાક સુધી. |
| ઓનલાઈન ટેન્ડર ખોલવાની તારીખ | તા.11/08/2026 ઓફિસ સમય દરમિયાન. |

(નોંધઃ માત્ર આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી હાલોલ નગરપાલિકાને મોકલવાના રહેશે.)

ગૌરાંગ સી. પટેલ, ચીફ ઓફિસર વર્ગ-1, હાલોલ નગરપાલિકા
પ્રમોદસિંહ રાઠોડ, કારોબારી અધ્યક્ષ, હાલોલ નગરપાલિકા
નિશાબેન દેસાઈ, પ્રમુખ, હાલોલ નગરપાલિકા

(માહિતી/ગોધરા/૩૫૧/૨૬)

---

## દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ

DGVCL

CIN U40102GJ2003SGC042909
રજી. અને કોર્પોરેટ કચેરીઃ 'ઊર્જા સદન'
નાના વરાછા રોડ, કાપોદ્રા ચાર રસ્તા, સુરત – ૩૯૫૦૦૬

**વિધુત સહાયક (ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ) તરીકેની લેખિત પરીક્ષા અંગે ધ્યાને લેવાજોગ સૂચના**

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા તા.૨૫-૦૭-૨૦૨૬ થી પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરાત અન્વયે વિધુત સહાયક(ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ) ની તા.૨૬-૦૭-૨૦૨૬ ના રોજ લેવામાં આવનાર લેખિત પરીક્ષા ભારે વરસાદ ના કારણે મુલતવી રાખવા અંગે ઉમેદવારોને વેબસાઈટ અને જાહેર અખબારોમાં જાહેરાત પ્રસિદ્ધ કરી જાણ કરવામાં આવેલ. જે પરીક્ષા હવે પછી આગામી તા.૦૯-૦૮-૨૦૨૬ ના રોજ સુરત ખાતે યોજવાનું નક્કી કરવામાં આવેલ છે. સદર સંવર્ગની લેખિત પરીક્ષા માટે દરેક ઉમેદવારોએ પોતાના નવા કોલ લેટર દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડની વેબસાઈટ www.dgvcl.com/Advertisement મારફતે ઓનલાઈન ડાઉનલોડ કરી લેવા જણાવવામાં આવે છે. વધુ માહિતી માટે ઉમેદવારોએ DGVCLની વેબસાઈટ www.dgvcl.com/Advertisement પર નિયમિતપણે અપડેટ જોતાં રહેવા અંગે ખાસ જણાવવામાં આવે છે.

કા.વા. વિશેષ મહાપ્રબંધક (મા.સં.), દ.ગુ.વી.કં.લિ., સુરત

---

## મહિલા અને બાળ વિકાસ મંત્રાલય
## ભારત સરકાર
## સૂચના

**આ જાહેર જનતાની જાણકારી માટે છે કે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર (PMRBP) માટે અરજીઓ મેળવવાની પ્રક્રિયા રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલ (https://awards.gov.in) પર 01.04.2026થી શરૂ થઈ ગઈ છે. આ પુરસ્કાર એવા બાળકોને આપવામાં આવે છે જેમણે બહાદુરી, સામાજિક સેવા, પર્યાવરણ, રમતગમત, કળા અને સંસ્કૃતિ, તથા વિજ્ઞાન અને ટેક્નોલોજીના ક્ષેત્રોમાં અસાધારણ સિદ્ધિ પ્રાપ્ત કરી હોય.**

**5 વર્ષથી વધુ અને 18 વર્ષથી ઓછી ઉંમરનું કોઈપણ બાળક (31 જુલાઈ, 2026 સુધી), જે ભારતીય નાગરિક છે અને ભારતમાં રહે છે, તે પુરસ્કાર માટે પાત્ર છે. કોઈપણ નાગરિક તરફથી ખુલ્લા નામાંકન ફક્ત રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલ (https://awards.gov.in)ના માધ્યમથી જ સ્વીકારવામાં આવશે. પુરસ્કારો માટે સ્વ-નામાંકન અને ભલામણો, બંને પર વિચાર કરવામાં આવશે.**

**ઓનલાઈન નામાંકન જમા કરવાની અંતિમ તારીખ, જે અગાઉ 31.07.2026 નક્કી કરવામાં આવી હતી, તેને લંબાવીને 15.08.2026 કરવામાં આવી છે. વધુ માહિતી માટે કૃપા કરીને રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલ https://awards.gov.in પર જાઓ.** cbc 46101/11/0012/2627

---

## ગુજરાત સરકાર
## માર્ગ અને મકાન વિભાગ
## ઓન લાઈન જાહેર નિવિદા નં.એસ.ડી.સી ૦૩ સને ૨૦૨૬-૨૭

**ગુજરાત રાજયના રાજયપાલશ્રી વતી નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, લુણાવાડા વિદ્યુત (મા અને મ) પેટા વિભાગ, કોટેજ હોસ્પિટલની બાજુમાં,લુણાવાડા-૩૮૯૨૩૦, ટેલીફોન નં ૦૨૬૭૨-૨૪૮૪૦૦ની કચેરી દ્વારા હંગામી વિજળીકરણના કુલ ૦૫ કામો કે જેની અંદાજીત રકમ ૨.૨૧ લાખથી ૩.૮૧ લાખ સુધીની છે. તેના માટે વિભાગની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા ઈજારદારશ્રીઓ તથા સદર કામના નિષ્ણાતો પાસેથી ઓનલાઈન ટેન્ડર (ઈ-ટેન્ડર સીસ્ટમ) થી ટેન્ડર ડાઉનલોડ કરવાની તથા ટેન્ડરમાં ભાવો ભરીને ઓનલાઈન ટેન્ડર મોકલવાની છેલ્લી તાઃ- ૧૦/૦૮/૨૦૨૬ રાખવામાં આવેલ છે.સદરહું કામના ટેન્ડર તા.૧૦/૦૮/૨૦૨૬ ના રોજ બપોરે ૧૨:૦૫ કલાકે અત્રેની કચેરીમાં ખોલવામાં આવશે. વધુ માહિતી માટે જાહેર રજાના દિવસ સિવાય આ કચેરીનો સંપર્ક સાધવા વિનંતી ટેન્ડર નોટીસની વેબસાઈટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી મેળવી તથા www.statetenders.gujarat.gov.in પર જોઈ શકાશે.**

(માહિતી/ગોધરા/૩૫૨/૨૬)

---

सत्यमेव जयते

## ભારત સરકાર
## સામાજિક ન્યાય અને અધિકારિકતા મંત્રાલય
## દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ (DEPwD)

## જાહેર સૂચના

**દિવ્યાંગજન સશક્તિકરણ માટે રાષ્ટ્રીય પુરસ્કાર - 2026**
**અરજી/નામાંકનની અંતિમ તારીખ લંબાવવા અંગે**

**દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ (DEPwD), સામાજિક ન્યાય અને અધિકારિકતા મંત્રાલય દ્વારા દિવ્યાંગજન સશક્તિકરણ માટે રાષ્ટ્રીય પુરસ્કાર - 2026 માટે અરજી/નામાંકન 15 મે, 2026થી આમંત્રિત કરવામાં આવ્યા હતા તથા અરજી/નામાંકન મેળવવાની અંતિમ તારીખ 31 જુલાઈ, 2026 નક્કી કરવામાં આવી હતી.**

**2. તમામ ઈચ્છુક વ્યક્તિઓ, સંસ્થાઓ અને સામાન્ય જનતાને જણાવવામાં આવે છે કે રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલ (Rashtriya Puraskar Portal) પર ઓનલાઈન અરજી/નામાંકન રજૂ કરવાની અંતિમ તારીખ હવે લંબાવીને 15 ઓગસ્ટ, 2026 કરવામાં આવી છે.**

**3. તમામ સંબંધિતોને વિનંતી છે કે અરજી / નામાંકન માત્ર ઓનલાઈન માધ્યમથી રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલ https://awards.gov.in પર જ રજૂ કરે. ટપાલ, કુરિયર, ઈ-મેલ અથવા અન્ય કોઈ માધ્યમથી મળેલી અરજી/નામાંકન પર કોઈ વિચાર કરવામાં આવશે નહીં.**

**4. પુરસ્કારો સંબંધિત વિગતવાર માર્ગદર્શિકા, પાત્રતાના માપદંડ અને અન્ય જરૂરી માહિતી નીચે આપેલી વેબસાઈટ પર ઉપલબ્ધ છેઃ**

**દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગઃ**
https://depwd.gov.in
**રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલઃ**
https://awards.gov.in
CBC 38117/11/0006/2627